

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ધર્મનો અંચળો ઓઢીને ખેલાય છે આતંક!*
*રાજકીય છત્રછાયાથી છવાય છે આતંક!*
*વિદેશી નાણાની સહાયે ફેલાય છે આતંક!*
*મસ્જિદ અને મદ્રેસામાં પોષાય છે આતંક!*
*(હાફિઝની ધમકી - ઓબામા મસ્જિદ મૂલાકાત)*
*(રાજનાથની ધર્મગુરુઓ સાથે બેઠક)*

હાઈકુ

*'શંકર' બાપુ!*
*જરુર તાંડવની -*
*જાગો ત્રિનેત્ર!*

*શોભા ગાંઠિયા -*
*રાજયપાલને ગાય,*
*દોરે ત્યાં જાય!*
*(લોકશાહીની હત્યા)*

### ચિંતન

**અનૃપમપિ દુર્વચનં ચિરં તિષ્ઠતિ ।**

'નિરાધાર, જુઠાં વચન, અફવા - જેવાં દુર્વચન પણ દિર્ઘકાળ સુધી સ્મરણમાં રહે છે.'

'ચાણક્ય નીતિ'નું આ સૂત્ર છે.

ઘર-સમાજ-પરિવારમાં હૃદયની કટુતાથી ચાલતી કાતર જેવી જીભ લાગણીશીલ હૃદયને આડેધડ કાપી નાખે છે. માટે પાયા વગરની શંકા-વહેમમાં ગમે તેવા નિવેદન ઘરના - સ્વજનો માટે ન બોલવાં જોઈએ. ભલે તમે કોઈ આવશે - ગુસ્સામાં બોલ્યાં હો - તમારા મનમાં સામેની વ્યક્તિ પ્રત્યે આદર પણ હોય પણ એકવાર નિરાધાર વાત કહી દીધી હોય એ સામેની વ્યક્તિના હૃદયમાં ઊંડો ન રૂઝાય તેવો ઘાવ બની રહે છે. માટે વિચારપૂર્વક બોલવું.

રાજનીતિમાં આજકાલ આવા ઘટીયા નિવેદનોથી વિરોધી વ્યક્તિને નૂકશાન પહોંચાડવા માટેના પ્રયત્ન થાય છે.

### સુવિચાર

● ચિંતા ચઢશે ચાકડે, દુઃખ ઘડશે અનેક...
ધીરજ ધરજે સોચજે, દુઃખ ટળશે જ અનેક... - **ભીખુદાન ગઢવી**

● બુદ્ધિશાળી પત્નીઓનાં પતિઓની પ્રભુને મનોમન પ્રાર્થના હોય છે કે -
કાં તો એની જીભ લઈલે અથવા મારા કાન - **હંસલ ભચેચ**

● મૌનનાં પણ બે પ્રકાર છે. એક છે મનથી મૌન અને બીજું છે જીભથી મૌન - **અમૃતબિંદુ**

● પ્રસન્નતા જાળવણી હોય તો વેદનાની સાથે સંવેદના પણ સાંકળી જુઓ - **સંતરામ**

● જયાં સુધી અંતઃકરણમાં સમતાનો ભાવ સતત આવતો નથી ત્યાં સુધી
મનુષ્ય નિર્વિકાર થઈ શકતો નથી - **એસ. ભટ્ટાચાર્ય**

● આજનું ઔષધ : ચંદનનું લાકડું લીંબુના રસમાં ઘસીને ખસવાળા ભાગ લગાવવાથી ખંજવાળમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

આજ તો વીઆઈપી કોઈ મંદિરમાં જવાનાં હોય તો તેના પહેલાં તેમનાં કૂતરાં મંદિર પરિસરને પવિત્ર કરવા જાય - તેમને માટે 'પાછલા' દરવાજા ખૂલી જાય - કથામાં એનાં પહેલાં તેમની ગાદી-તકિયા ગોઠવાઈ જાય - કથા અટકે, વચ્ચે પૂજા માન-સન્માન થાય - દસ-પંદર મિનિટમાં 'સાહેબ'ને 'જ્ઞાન' પણ પ્રાપ્ત થઈ જાય બીજાં એનાથી વધારે પવિત્ર - મહત્વનાં કાર્યો માટે સાયરનની ચીસો સાથે ઉપડી જાય!

જાપાનમાં કટોયાના ગર્વનર કિટાગારી એક મોટા બૌદ્ધ મંદિરના મહંત 'કાઈચુ' જે 'ટોફુકું' જાગીરના અધિપતિ હતા. તેમને મળવા ગયા. ગર્વનરનું કાર્ડ લઈ તેનો એડીસી મહંત પાસે ગયો. કાર્ડ વાંચી મહંત 'કાઈચુ' કહે હું આમને ઓળખતો નથી. મારે એનું કંઈ કામ નથી. મારે 'ગવર્નરશ્રી' ને મળવું નથી. એડીસી ફાટી આંખે જોઈ રહ્યો. પાછો જઈ 'સાહેબ' ને મીઠું-મરચું નાખી વાત કરી.

શ્રી કિટાગાકીને પોતાની ભૂલ સમજાઈ. એક તદન સાદા કાગળમાં લખ્યું : 'કિટાગાકી, ભગવાન બુદ્ધના ભક્ત, આપનાં દર્શન ઈચ્છે છે... કાઈચુએ ચીઠ્ઠી વાંચી અને ઊભા થઈ કહ્યું, ભક્તશ્રી અંદર લાવો - આવ્યા કે તરત જ જાપાનીશ પદ્ધતિ પ્રમાણે તેમનું સ્વાગત કર્યું. ધર્મસ્થાનોમાં કોઈ વીઆઈપી નથી.

## હાફિઝ સઈદનો ધ્રુજારો એ જ પાકની રાષ્ટ્રીય કુટનીતિ છે

### તંત્રીસ્થાનેથી...

એક તરફ પાકિસ્તાનના વડાપ્રધાન પોતે શબ્દના સાચા અર્થમાં સરીફ હોવાનો દાવો કરતા રહે છે, અને પાકિસ્તાનમાં આતંકવાડી પ્રવૃત્તિ ચલાવી રહેલાં તત્વો સામે કડક પગલાં લેવાની ડંફાસ કરતા ફરે છે, ત્યારે બીજી તરફ એમની જ નેશનલ એસેમ્બલીના સભ્યો સરકાર આતંકવાદીઓને સમર્થન આપતી હોવાનું જણાવી કાશ્મીરમાં અને હિંદુસ્તાનના અન્ય પ્રદેશોમાં ઈસ્લામિક આતંકવાદને ટેકો આપવાનું બંધ કરી દેવાની ગુહાર લગાવે છે. હવે દુનિયા આખી જાણે છે કે પાકિસ્તાન આતંકવાદને પોષતી પ્રવૃત્તિઓ ચલાવતું રહ્યું છે, બલકે એવાં તત્ત્વોને તાલીમ આપવા ઉપરાંત નાણાકીય મદદ આપી કાશ્મીર જેવા પ્રદેશોમાં પહોંચાડવાનું કામ પણ સરકારની નજર હેઠળ કુખ્યાત ગુપ્તચર એજન્સી આઈએસઆઈ તથા પાક આર્મી દ્વારા જ સંપન્ન થતું રહે છે. ૧૯૯૩માં મુંબઈ બોમ્બ ધડાકાથી લઈ ૨૬/૧૧ ની ઘટનાઓમાં પાકિસ્તાનની સંડોવણી પુરવાર થઈ ચૂકી હોવા છતાં અને દેશના ગુનેગારો પાકિસ્તાનમાં પ્રશ્રય મળતો હોવાના પુરાવા આપ્યા પછી પણ પાકિસ્તાનની તંત્રનું રૂંવાડું ફરક્યું નથી. ભારતે સોંપેલ પુરાવા એને હરહંમેશ અધૂરા અને અપૂરતા જ લાગતા રહ્યા છે. હાફિઝ સઈદના માથા પર તો અમેરિકાએ પણ નિશાન સાધ્યું છે. એની સામે જમ્મુ-કાશ્મીરમાં અને અગાઉ મુંબઈમાં કાળો કેર વરાતવ્યાના પુરાવા છે. છતાં પાકિસ્તાનની સરકાર એને છૂટો ફરવા દે છે, રેલીઓ યોજીને ભારત તથા અમેરિકા વિરુદ્ધ ઝેર ઓકવા દે છે. દેખાવ પૂરતો એને કસ્ટડીમાં લેવાની જાહેરાત કરે છે ત્યારે વળી પાકિસ્તાનની અદાલત એને પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી દે છે. છેલ્લે તો હાફિઝ સઈદે તમામ મર્યાદાઓ ઓળંગી દીધી છે. એણે પઠાણકોટ હુમલાની યોજના કરનાર તત્ત્વોને બિરદાવ્યા છે એટલું જ નહીં, એવા ઘણા વધુ હુમલાઓની ધમકી પણ આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એ ઈસ્લામના દુશ્મન ગણાવે છે અને કાશ્મીરમાં આતંકવાદને ખાળવા તતા પ્રજાનું રક્ષણ કરવા મુકાયેલા સૈન્યને એ કાશ્મીરની પ્રજાનો 'નરસંહાર' કરવા મુકાયું હોવાનાં તદ્દન જુઠ્ઠાં તેમજ ઉશ્કેરણીજનક નિવેદનો કરતો ફરે છે. હાફિઝ સઈદનું એક માત્ર લક્ષ્ય છે કાશ્મીરની આઝાદી. કાશ્મીર કયાં ગુલામ છે કે એને આઝાદ થવાની જરુર પડે? પરંતુ દેશના વિભાજન વખતે જ કાશ્મીર પર કબાઈલીઓ દ્વારા હુમલો કરાવી અડધાથી વધુ પ્રદેશ હસ્તગત કરી એને 'આઝાદ કાશ્મીર' જેવું રૂપકડું નામ આપી દઈ પાકિસ્તાન આજ પર્યંત કાશ્મીર રાગ આલાપતું રહ્યું છે. ખીણમાં રહેતાં કટ્ટરવાદી જૂથોએ કાશ્મીરી પંડિતોને રાતોરાત વતન છોડવા મજબૂર કર્યા હતા, તે સર્વવિવિત છે. કાશ્મીર મુદ્દે પાકિસ્તાને દેશ પર વારંવાર નાપાક હુમલા કર્યા છે. દર વખતે હિંદુસ્તાનના સૈન્યે એને ધૂળ ચટાડી છે, ત્યાં સુધી કે કાશ્મીર મેળવવા જતાં એને ઊલટાનો પોતાના જ દેશનો પૂર્વ પ્રદેશ - 'બાંગ્લાદેશ' ગુમાવવો પડ્યો છે. તેમ છતાં ઝુલ્ફીકાર અલી ભુટ્ટોની ભાષામાં તમામ પાક નેતાઓ કાશ્મીર ખાતર હજાર વર્ષ લગી હિંદુસ્તાન સામે લડી લેવાની પ્રતિજ્ઞાઓ લેતા રહ્યાં છે. નવાઝ શરીફ પણ યુનોના મંચ પર અને સલામતી સમિતિ સમક્ષ કાશ્મીર મુદ્દાને જીવતો રાખવા મથતા રહ્યા છે. હવે જયારે હાફિઝ સઈદ પઠાણકોટ જેવા અનેક હુમલાઓ કરાવવાની ધમકી આપતો હોય ત્યારે આપણે એને પાક સરકારનો અધિકૃત પ્રવક્તા માનીને જ ચાલતું રહ્યું. હાફિઝ સઈદ અને અઝહર મસૂદ જેવા ખૂંખાર તત્ત્વોને આગળ ધરીને પાકિસ્તાન એની જ રાષ્ટ્રીય પૉલિસીનો પ્રચાર કરે છે.

## જીવનને સમૃધ્ધ અને આનંદમય બનાવવા માટે પૂરતા પ્રમાણમાં હકારાત્મક ઉર્જા નિવાર્ય છે અને તે આપણી અંદર છે જ, એ ઉર્જાને માત્ર ઢંઢોળવાની જરૂર છે



### અદબ-પલાંઠી મોં પર આંગળી

ડો. સંતોષ દેવકર

"એ અનુભૂતિ કે, પરમાત્મા તમને વિંટળાયેલો છે, સર્વત્ર છે.
બધુંજ પરમાત્માથી છલોછલ છે. આ સમર્પણ એટલે ભકિત." (ઓશો)

પ્રત્યેક ઘરમાં એક કામવાળી, વાસણવાળી, કપડાંવાળી, ઝાડુવાળી, રસોઈવાળી બાઈ કામ કરતી હોય છે. દરેક ઘરમાં બાઈની ગેરહાજરીમાત્રથી હડકંપ અને ઘરકંપ થતો હોય છે. દરેક ઘરના પતિ અને પત્ની એવું ઈચ્છતા હોય છે કે ગમે તે થાય પરંતુ આ 'વાળી' પ્રત્યયવાળી વ્યકિતને સાચવી લેવામાં જ ઘરનું સ્વાસ્થ્ય સચવાય તેમ છે. જયારે કોઈક ઘરમાં આ બધાજ કામો એક 'મા' નામનું પાત્ર એકલે હાથે કરે છે ત્યારે સંસ્કારી ઘરના તમામ સભ્યો તેને ખૂબ સાચવે છે માન આપે છે અને ખૂબ પ્રેમ કરે છે.

અને જયાં પ્રેમ છે ત્યાં સત્ય છે. જયાં સત્ય છે ત્યાં ઉર્જા છે. જયા ઉર્જા છે ત્યાં શકિત છે. જયાં શકિત છે ત્યાં કાર્ય છે. જયાં કાર્ય છે ત્યાં ઉદ્યમ છે. જયાં ઉદ્યમ છે ત્યાં ઉત્સાહ છે જયાં ઉત્સાહ છે ત્યાં પ્રસન્નતા છે અને પ્રસન્નતા એ મનુષ્યનું અંતિમ ધ્યેય છે.

ઈસુ, બુધ્ધ અને લાઓત્સે જેવા લોકો કોઈપણ સંઘર્ષ વગર જીવન જીવ્યા. તેઓ સમગ અસ્તિત્વને એટલાં બધાં સમ'પત હતા કે સ્વરક્ષાનો કોઈ પ્રશ્ન જ ન હતો. તેઓ મહાનતમ જીવન જીવ્યા અને આનંદના પરમશિખરે પહોંચ્યા.

માણસમાત્રમાં ઉર્જા છે. પોઝીટીવ ઉર્જાથી શ્રેષ્ઠતમ કાર્યો થઈ શકે. ઓશો રજનીશ ઉર્જાની વાત કરે છે તો પંડિત શ્રી રામ શર્મા આચાર્ય મનુષ્યમાં રહેલા વિદ્યુત તરંગોની વાત લઈને આવે છે. તો સ્વામી વિવેકાનંદ વ્યકિતની ફરતે રચાતા શકિતશાળી વલયોનો ઉલ્લેખ કરે છે.

કેટલીક વ્યકિતઓ હકારાત્મક વિચારના અનુયાયીઓ હોય છે. આપણી આસપાસ એક હકારાત્મક ઉર્જાના તરંગો આકાર પામતા હોય છે. તરંગોને વિદ્યુત તરંગો કે આંતરિક ઉર્જા કહી શકો. ઉર્જા દ્વારા જીવન એક સુંદર પુષ્પ બની શકે. હવે થાય છે શું કે હકારાત્મક ઉર્જા વાતાવરણમાંથી હકારાત્મક વિચારોને પોતાની તરફ ખેંચે છે. આમ જે મનુષ્ય જેવું વિચારતો હોય તેવા વિચારવાળો મિત્ર તેને મળી રહે છે. પરિણામે સરખા વિચારોવાળા ખૂબ સરળતાથી મિત્ર બની જતાં હોય છે.

એજ રીતે નેગેટીવ ઉર્જાનો રોલ છે. તમાકુ ખાનારાને તમાકુ મસળનારા અને ધુમ્રપાન કરનારને તે મુજબના મિત્ર ખૂબજ સરળતા અને સહજતાથી મળી રહે છે.

જીવનને સમૃધ્ધ અને આનંદમય બનાવવા માટે પૂરતા પ્રમાણમાં હકારાત્મક ઉર્જા અનિવાર્ય છે. અને તે આપણી અંદર છે જ. એ ઉર્જાને માત્ર ઢંઢોળવાની જરૂર છે.

પ્રેમની મહત્તા સમજાવતાં ઓશો કહે છે કે જીવન ત્યારે જ ભવ્ય બને છે જયારે તે પ્રેમના નિયમ અનુસાર કાર્ય કરે છે. ઓશો પોતે એક વિચાર છે, વિચારને વાંચવાની નહિ, વાગોળવાની મજા આવે. તલસાંકળીને જેમ ચગળવાની મજા આવે તેમ. નવા વિચાર અને તર્કસંગત ઉદાહરણો વાચકના મનના કેટલાય આયામો ખોલી આપે છે.

સાનિધ્યમાં ઓશો ખૂબ સુંદર વાત કરતાં કહે છે કે - સમર્પિત વ્યકિત જાણે છે કે પરમાત્મા આપણો રક્ષક છે. જો વ્યકિત સમ'પત ન હોય તો તે આ સુંદર સત્યને કયારેય જાણી ન શકે.

અહંકાર એ વ્યકિતનો દુશ્મન છે. અને તમે તમારા દુશ્મનને (અહંકારને) મારા હવાલે કરી દો. તમારો અહંકાર મને આપી દો, આ જ અહંકાર તમારી યાતના છે. સમસ્યા છે, અને વ્યથા છે.

ઓશોના આગમનની સાથે એક નવા યુગનો આરંભ થઈ ચૂકયો હતો. જેની આધારશિલા અતિતના કોઈ ધર્મમાં નથી. કે નથી કોઈ દાર્શનિક વિચાર પધ્ધતિમાં. ઓશો એક નવા યુગનો શુભારંભ છે. કૃષ્ણ, મહાવીર, કબીર, સૂફી જેવી વિભિન્ન સાધના પરંપરાઓના ગૂઢ રહસ્યો વિસ્તારથી ઉજાગર કર્યા છે.

જગતના તત્વ ચિંતકોને ઓશો વેધક શબ્દોમાં કહે છે, મારો સંદેશ કોઈ સિધ્ધાંત કે ચિંતન નથી. મારો સંદેશ તો રૂપાંતરણનો એક કિમીયો છે. તા'કક દલીલોને ઉદાહરણોમાં ઓશોનો જોટો જડે તેમ નથી.

(૧૯ જાન્યુ. ઓશો રજનીશજીની પુણ્યતીથી)

મિસરી

"બુધ્ધ હંમેશા યુધ્ધની સામે
હાંફતા રહયા છે."
(તુલા સંજય 'વિશ્વગ્રામ')

## સંસાર સુધારાના ગાંધીજીના સૂચનો
# આજના સમયમાં લગ્ન ઈચ્છુક યુવકોને કન્યા નહીં મળવાની સમસ્યા મહાત્માની સૂચનાનુસાર ઉકેલી



### ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

એક સમયે આપણા દેશનો પ્રશ્નો હતો - કન્યા વિક્રયનો. વૃદ્ધ પુરુષ વિધુર થાય તો પદ, પૈસો અને પ્રતિષ્ઠાના જોરે તેની દીકરીની દીકરીની ઉંમરની બાળકન્યા સાથે પણ લગ્ન કરતો. દીકરીના મા-બાપ પણ વિપરીત આર્થિક પરિસ્થિતિના કારણે પોતાની બાળકન્યા મને કે કમને વૃદ્ધને પરણાવીને કન્યાદાનનો સંતોષ માનતા હતા.

સામાજિક દરજ્જાના પરિણામે નિપજેલી આવી દુષ્કર સામાજિક સમસ્યા સામે પણ મહાત્મા ગાંધીએ લડત ચલાવી હતી. બહુ સ્વાભાવિક છે કે ગાંધીની લડત હોય એ તો અહિંસાના રંગે જ રંગાયેલી હોય.

'નવજીવન' વિચારપત્રમાં ૨૬ ઑગસ્ટ ૧૯૨૮ના 'સત્યાગ્રહનો ઉપયોગ' એ શીર્ષક તળે છપાયેલા લેખમાં ગાંધીજી વૃદ્ધબાળ લગ્નને અટકાવવા સારું અધીરા થયેલા એક સત્યાગ્રહી મિત્રને લખે છે : 'વૃદ્ધ લગ્ન અટકાવવા સારું જલદ શસ્ત્રોનો ઉપયોગ કરવો જોઈએ એમ મને ઘણાં સમયથી લાગે છે.'

પણ ગાંધીના જલદ શસ્ત્રો એટલે શું? એનો ફોડ બીજા ફકરામાં જ વ્યક્ત થાય છે. ગાંધી કહે છે પચીસ જુવાન ચારિત્ર્યવાન સત્યાગ્રહીઓએ પોતાની મંડળી જમાવવી, જયાં વૃદ્ધ લગ્નો થતાં હોય ત્યાં આઠ દસ દહાડા અગાઉ પહોંચી જવું. ત્યાં તે બંને પક્ષોને સમજાવે, જ્ઞાતિને, મહાજનને, શહેરીઓને, સત્તાવાળાઓને સૌને વીનવે 'વૃદ્ધ લગ્ન ભયંકર પાપ છે,' 'ગરીબ ગાયને કતલખાનામાંથી બચાવો', 'ગામમાં થતો જુલમ અટકાવો', 'જુવાન ધર્મ સમજી જાગો, બાળાને બચાવો' - આ પ્રકારના વાકયો લખી સરઘસના આકારમાં આ મંડળી ફરે છે, સૌને જાગ્રત કરે અને વૃદ્ધ લગ્ન સામે આ રીતે પ્રચંડ વાતાવરણ ઉભું કરે. વૃદ્ધ લગ્ન ભારે પાપ છે એ સૂચવનારા ગીતો પણ લલકારતા જાય અને આઠ દહાડા પોતે સુખે બેસે નહીં, ને ગાળ લોકોને પણ પાપ દૂર થાય નહીં ત્યાં સુધી સુખે બેસવા ન દે. કોઈ એને ત્યાં જમવા ન જાય, જાનૈયા પણ નાસી જાય, ગોર પણ પરણાવવા ન આવે - આવું બધું ફરવા તનતોડ પ્રયાસ કરે, શાંતિ પૂર્ણ સાચવે અને હઠે નહીં. વર કે કન્યાપક્ષ સત્તાવાળાની મદદ માગે અને રાજસત્તા મંડલી પૈકી કોઈને જેલની સજા કરે, તો પણ સુખેથી જેલમાં જાય પણ ધાર્મિક ચળવળમાંથી પાછા ન પડે. સમય જતાં આ સત્યાગ્રહી મંડળીની છાપ એવી પડી જાય કે વૃદ્ધ લગ્ન કરનારા આપોઆપ અટકી જાય.

મોટાપાયે પોતાના વક્તવ્યોમાં કે લખાણોમાં વિશેષણો વાપરવાથી દૂર રહેતા ગાંધી પોતાના લખાણની વાતને વિશેષણ સાથે જોડીને કહે છે, વૃદ્ધલગ્ન અટકાવવાની આ સૂચના લાગે છે. રૂઢીરૂપાળી પણ તેનો અમલ એકથી વધારે વાર ન થઈ શકે એવો ભય છે. જયાં વ્યભિચારી અને લોભી મળે ત્યાં ગરીબ ગાયની (કન્યાની) કતલ થતી અટકાવી અશક્ય છે. વૃદ્ધ વ્યભિચારી અને લોભી બાપ સત્યાગ્રહીઓથી ત્રાસશે ત્યારે એ છાનાં લગ્ન કરશે આવો એક કિસ્સો તે સમયે પ્રકાશમાં આવ્યો હતો એનો ઉલ્લેખ કરતાં ગાંધીજી લખે છે 'આ કેસમાં બન્યું એવું અન્ય કેસમાં પણ બનવાનો સંભવ છે. તેથી વૃદ્ધબાળ લગ્ન અટકાવવા માટે બીજી જાતના ઉપાયો શોધવાની આવશ્યકતા છે. પોતાની લાગણી સ્પષ્ટ કરતાં તેઓ કહે છે વ્યભિચારીને પહોંચવા કરતાં લોભીને પહોંચવું કદાચ સહેલું હશે. બાળલગ્નની સામે લોકમત ઊભો કરી શકાય તો સુધારો આપોઆપ થઈ શસે, તેમ કરવાને સારું તે તે સ્થાનમાં કેળવણી આપવાની આવશ્યકતા રહે છે. આ કેળવણી એટલે અક્ષરજ્ઞાન નહીં પરંતુ જે માબાપો લોભને વશ થઈ પોતાની કન્યાને વૃદ્ધને પરણાવવા તૈયાર થયા હોય તેને શોધી કાઢવાના તથા મહાજનો પાસે કન્યા વિક્રયની સામે ઠરાવો કરાવવા જેવા ઝીણાં કામો સાથે થવું જોઈએ.'

આઝાદીની લડતમાં ગાંધીના શબ્દોમાં રાજયપ્રકરણી ચળવળોમાં પ્રજાને રસ છે પરંતુ સંસાર સુધારાના કામમાં પ્રજાને રસ ઓછો છે, તેમને મન આ સુધારાઓના બાહ્ય પરિણામ નજીવાં લાગે છે એન સુધારા અંગેના સત્યાગ્રહમાં માનપાનાદિને ઓછું સ્થાન મળે છે, આથી સંસાર સુધારો કરનાર સત્યાગ્રહીએ કેટલાંક કાળ સુધી તો પોતાની સતત તૈયારીથી અને જૂજ પરિણામથી સંતુષ્ટ રહેવું પડશે.

વૃદ્ધ બાળલગ્નની સામે જલદ ઊપાય સૂચના આપતા ગાંધીજી આ લેખમાં પણ વ્યવહારિક સૂચના ચૂકતા નથી. વ્યવહારુ ઉકેલનું સૂચન કરતાં કહે છે, 'તાજા થયેલા લગ્નો સામે લોકમત એકઠો કરવો અને વૃદ્ધ પતિનો તથા લોભી બાપનો અહિંસક બહિષ્કાર કરવો. આવો એક પણ શુદ્ધ બહિષ્કાર સાધી શકાય તો સહેજે બીજાં માબાપો પોતાની દીકરીને વેચતાં સંકોચાશે અને વૃદ્ધો બાળકન્યાને પરણતાં અટકશે. વૃદ્ધ વ્યભિચારી પોતાની વિષયવાસનાને એકાએક છોડવાનો નથી. તેથી તેવાઓને જો પરણવું જ હોય તો વિધવા લગ્ન કરવા પ્રેરવા જોઈએ. યુરોપમાં વૃદ્ધ પુરુષ દહેજે વિધવાઓને શોધી કાઢે છે.'

આજે વર્તમાને પણ વૃદ્ધબાળલગ્નની સરખામણીએ લગ્નની જુદા પ્રકારની સામાજિક સમસ્યા ઊભી થઈ છે. ગર્ભમાં જ દીકરીને હણી નાંખનાર સમાજમાં ઘણીબધી ઉચ્ચ જ્ઞાતિઓમાં લગ્નવય ધરાવતાં યુવાનોને કન્યા મળતી નથી. આવા સંજોગોમાં વૃદ્ધબાળ લગ્ન અટકાયત અર્થે ગાંધીએ સંસારસુધારાના બતાવેલા માર્ગે ચાલીને આવાં લગ્ન ઈચ્છુક યુવાનોના હમઉમ્ર વિધવા સાથે લગ્ન કરાવવાનો રસ્તો વિચારી શકાય?

સંદર્ભ : સત્યાગ્રહનો ઉપયોગ : લેખ : મહાત્મા ગાંધી ગાંધીજીનો અક્ષરદેહ ભાગ : ૩૭, પૃષ્ઠ : ૧૯૫. નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.

**(લેખક : ગુજરાત કોલેજ, અમદાવાદ ખાતે સમાજશાસ્ત્ર વિષયના અધ્યાપક છે)**

## દિલ હતો જે કઠોર-નઠોર કાયમી, શુષ્ક ઝરણું, અંતરે છલક્યું થૈને અમી! કયાંથી ફૂટી એકાએક આ સ્નેહસરિતા? પછી જાણ્યું; ઘૂંટાઈ હતી તેમાં કવિતા!



### સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

બાળ સાહિત્ય અકાદમીનું અધિવેશન 'અશોક હર્ષ સ્મારક અધિવેશન તરીકે તાજેતરમાં અહિંસા ભવન, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે યોજાઈ ગયું.'

આ અધિવેશનમાં, ગુજરાતી, હિન્દી અને સિંધીમાં બાળ સાહિત્યની રચના કરતાં અને રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા એવા હુંદરાજ બલવાણીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું, જયારે દિવંગત બાળ સાહિત્યકારો - રતિલાલ નાયક, યશવંત કડીકર, જગદશ બિનીવાલે, રામજીભાઈ કડિયા, રીટા ભટ્ટ અને લાભશંકર ઠાકરને સ્મરણાંજલિ અર્પવામાં આવી. ગણેશ સિંધવ અને તરલિકાબેન શાહે બાળગીતો રજૂ કર્યા. બાળસાહિત્ય અકાદમીના સ્થાપક અને કન્વીનર યશવંત મહેતાએ ઉત્તમ બાળ વાર્તા માટે ગાંધીનગરના સાહિત્યકાર પ્રજ્ઞા પટેલ તરફથી મળેલા 'આત્મા-રેવા પારિતોષિક' અને 'જગદીશ બિનીવાલે પારિતોષિક' ઈનામ પ્રોત્સાહનનો ઉલ્લેખ કરવામાં આવ્યો. ચંદ્રવદન મિસ્ત્રી (અમેરિકા) દ્વારા બાળ સાહિત્યકારોને અપાતો ચંદ્રક, હુંદરાજ બલવાણીને અધ્યક્ષ ચંદ્રકાન્ત મહેતાના હસ્તે એનાયત કરવામાં આવ્યો. રવિન્દ્ર અંધારિયાએ 'અશોક હર્ષનું કિશોર સાહિત્ય' વિષે અભ્યાસપૂર્ણ લેખ રજૂ કરવામાં આવ્યો. આ પ્રસંગે ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યો નટવર હેડાઉ, ભરત પાઠક તથા રમેશ ત્રિવેદી, રમેશ પટેલ, રામુ ડરણકર, રાવજીભાઈ કાચા, રવીન્દ્ર બોરડ, મહેશ 'સ્પર્શ', કિશોર પંડ્યા, કિરીટ દવે, દીના પંડ્યા, મનુભાઈ પટેલ, ગોવિંદ દરજી, હસમુખ ટાંક, નયનાબેન મહેતા, યશવંત મહેતા, યૉસેફ મેકવાન અને નટવર પટેલે સ્વરચિત બાળકાવ્યોની લ્હાણ પીરસી હતી.

તાજેતરમાં અમદાવાદ ખાતે સ્વ. જોઈતારામ ભગવાનદાસ પટેલ 'કવિ કઠલાલકર' નાં પુસ્તકો 'આરસી' અને 'સંઘર્ષ સિદ્ધિ' નો વિમોચન અને તેનો લોકાર્પણવિધિ યોજાઈ ગયો, જેમાં મૂર્ધન્ય સાહિત્યકાર - નવલકથાકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ મુખ્ય વક્તા તરીકે સ્થાન શોભાવ્યું હતું. તેમણે દિવંગત સર્જક 'કવિ કઠલાલકર'ને તત્સમયના એક સાચા સાહિત્ય પ્રતિનિધિ તરીકે બિરદાવીને આ સર્જકની આત્મકથાને 'કાળ-કથા' કહી બિરદાવી હતી અને જણાવ્યું હતું કે, સાહિત્યકાર શાશ્વતીનો ઉપાસક અને અભયનો આરાધક હોવો જોઈએ.

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કૉલેજ, સે. ૨૩ ખાતે અનુવાદનો વર્કશોપ યોજાઈ ગયો જેમાં સાહિત્યની વિદ્યાર્થીઓનો અનુવાદને લગતાં વિવિધ પાસાં જેવાં કે, ભાવાનુવાદ, રચનાત્મક અનુવાદ, વહીવટી, અનુવાદ, અહેવાલ અનુવાદ, કહેવતોનો અનુવાદ, સમશ્લોકી અનુવાદ, રૂઢિપ્રયોગો, સંસ્કૃત સુક્તોનો અનુવાદ, અનુવાદનાં ઓજારો, અનુવાદ કરવામાં પડતી મુશ્કેલીઓ વિગેરે ઉપર પ્રત્યક્ષ તાલીમ આપવામાં આવી અને ભાગ લેનારને શબ્દકોષ તથા પ્રમાણપત્રો એનાયત કરી, સાહિત્યમાં રૂચિ કેળવવા પ્રોત્સાહિત કર્યા હતા. કૉલેજના આચાર્યા ડૉ. અમૃતાબેનની પ્રેરણાથી અને વાઈસ પ્રિન્સિપાલ અને ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય ડૉ. પ્રણવ જોષીપુરા તથા પ્રા. મીતાબેન શાહની જહેમતથી આ 'અનુવાદનો વર્કશોપ' સફળ બન્યો હતો.

● ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, રાજકોટ (ગુજરાત સરકાર સ્થાપિત) અને વીરમાયા સ્મારક સમિતિ પાટણના સંયુક્ત ઉપક્રમે આગામી દિવસોમાં 'એકદિવસીય સેમીનાર - પરિસંવાદ' 'વીરમાયા વિષયક લોકસાહિત્ય' વિષે યોજાનાર છે જેમાં નીચેના વિષયો પૈકી સંશોધકપત્ર રજૂ કરી શકાશે.

સંભવિત વિષયો :

● સોલંકી યુગનું સમાજ જીવન ● સિદ્ધરાજ જયસિંહ સોલંકી
● જળ એ જ જીવન - સહસ્ત્રલિંગ સરોવર ● પાટણનાં ઐતિહાસિક સ્થળો - માયા ટેકરી
● પાટણનાં પટોળા ● મેઘવાળનું મોંઘેરું રતન
● લોકસાહિત્યમાં માયો ● માયાવેલ અને પંદરતિથિઓ
● માયાની સાહિત્યિક સૃષ્ટિ ● જસમા ઓડણ
● બત્રીસ લક્ષણો વીરમાયો (વ્યક્તિત્વ) ● વીરમાયાનો સાહિત્યિક પ્રભાવ
● માયા સાતમ - વીરમાયા એવોર્ડ ● વીરમાયા કાવ્યસંગ્રહ - એક સમીક્ષા
● વીરમાયા રથયાત્રા (પ્રવાસ સાહિત્ય,) વીરમાયાના મંદિરો, નામાભિધાન - રોડ રેસ્તાઓય

આ સંશોધન પ્રપત્રને પુસ્તકનું રુપ પણ આપવાનું હોઈ કોમ્પ્યુટરાઈઝ કે સીડી દ્વારા લેખ 'ડૉ. નરસિંહદાસ વણકર, ૨૩૮ - ગુજરાત હાઉસિંગ બોર્ડ, સોમનાથનગર, મહેસાણા - ૩૮૪૦૦૧, મો. ૯૮૨૫૨૬૮૧૮૩, ઈ મેઈલ : mkvankar238@gmail.com ના સરનામે મોકલી આપવું.'

દધિ હાઈકુ

| | | | |
|---|---|---|---|
| માનવે હણ્યું | આડશો બાંધ્યે | વહેતી સદા | કાળનો સાંઢ |
| યૌવન પ્રકૃતિનું, | વિચારોનાં એ પૂર | સર્વભૂતાનુકમ્પા | ભાગ છિંકોટા નાખી |
| નિજ સ્વાર્થમાં! | અટકે નહીં! | એ માનવતા! | જો નાથો નહીં! |

દધિ મુક્તક

દિલ હતો જે કઠોર-નઠોર કાયમી,
શુષ્ક ઝરણું, અંતરે છલક્યું થૈને અમી!
કયાંથી ફૂટી એકાએક આ સ્નેહસરિતા?
પછી જાણ્યું; ઘૂંટાઈ હતી તેમાં કવિતા!

દધિ તાન્કા

જીવતરની
વહેતી હરક્ષણ,
આગેકૂંચ છે
મૃત્યુ તરફની જ;
જે આખરી મંઝિલ!

મેલા મનમાં
થયાં માનવી જગે,
વિસારી દીધી
માનવતા ધરાર!
થૈ અમાનુષી આણ!

- muljibhaidadhi@gmail.com